# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું - આધુનિક માળખાગત સુવિધાઓ આત્મનિર્ભર ભારતનો પાયો નાંખી રહી છે.

2) જમીન અને વિકાસ સ્થળો માટે ટોચના 10 વૈશ્વિક રોકાણ સ્થળોમાં ભારતનો સમાવેશ.

3) ભારતની લિસ્ટેડ કંપનીઓએ માર્ચ 2025થી બજારમાં એક ટ્રિલિયન ડોલરનો ઉમેરો કર્યો.

4) અશાંતિને પગલે કેલિફોર્નિયાના ડાઉનટાઉન લોસ એન્જલસના ઘણા વિસ્તારોમાં કર્ફ્યુ.

5) બ્રાઝિલ અને ઇક્વાડોર ફિફા વર્લ્ડકપ 2026 માટે ક્વોલિફાય- જ્યારે ઉરુગ્વે, પેરાગ્વે અને કોલંબિયા ક્વોલિફાય થવાના આરે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM INFRA ON 11 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આધુનિક માળખાગત સુવિધાઓ માટે ભારતનાં પ્રયાસ ટકાઉપણું અને લાંબા ગાળાની દ્રષ્ટિથી પ્રેરિત છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, તે આત્મનિર્ભર ભારતનો પાયો નાંખી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, માળખાગત સુવિધાઓમાં ક્રાંતિને 11 વર્ષ થયાં છે. આ સમયગાળા દરમિયાન ઉત્તમ માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેનાથી ભારતના વિકાસને વેગ મળ્યો છે. તેમણે કહ્યું કે, ભારતીય રેલવેથી માંડીને ધોરીમાર્ગો અને બંદરોથી માંડીને હવાઇમથકો સુધી ઝડપથી વિસ્તરી રહેલી માળખાગત સુવિધાઓ લોકોનાં જીવનને સરળ બનાવી રહ્યું છે અને સમૃદ્ધિમાં વધારો કરી રહ્યું છે.

# SPECIAL FEATURE- 11 YEARS OF GOVT

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતો દ્વારા સંચાલિત, ભારતમાં એક દાયકાથી નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આકાશવાણી સમાચાર તમને છેલ્લા 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રોમાં સરકારના પ્રયાસો પર એક વિશેષ શ્રેણી રજૂ કરે છે. સુધારાઓ અને પહેલોએ દરેક નાગરિક માટે દૈનિક જીવનને સરળ, વધુ સુરક્ષિત અને વધુ પ્રતિષ્ઠિત કેવી રીતે બનાવ્યું તે અંગેનો પ્રસ્તુત છે એક અહેવાલ.....

## (વોઇસ કાસ્ટ– AMAN KUMAR)

# INDIA STAYS IN TOP 10 GLOBAL REAL ESTATE INVESTMENT DESTINATIONS

ભારત જમીન અને વિકાસ સ્થળો માટે ટોચના 10 વૈશ્વિક સરહદ પારના રોકાણ સ્થળોમાં સ્થાન ધરાવે છે. કોલિયર્સનાં અહેવાલ પ્રમાણે દેશ મજબૂત ફંડામેન્ટલ્સ, પરિપક્વ રિયલ એસ્ટેટ બજાર અને જમીન અને વિકાસ અસ્કયામતોમાં વધતા રસને કારણે એશિયા પેસિફિકમાં એક મુખ્ય રોકાણ સ્થળ તરીકે ઉભરી રહ્યો છે.

કોલિયર્સના એક અહેવાલ મુજબ અનુકૂળ નીતિગત પગલાં અને સતત માળખાગત સુવિધાઓને કારણે ભારતમાં રોકાણનું વાતાવરણ પ્રોત્સાહક બની રહ્યું છે અને વૈશ્વિક તથા પ્રાદેશક મૂડીને આકર્ષી રહ્યું છે.

જાપાન અને ઓસ્ટ્રેલિયા સ્થાયી અસ્કયામતો માટે ટોચના 10 વૈશ્વિક સરહદ પારના મૂડી સ્થળોમાં સ્થાન ધરાવે છે, જ્યારે ભારત જમીન અને વિકાસ સ્થળો માટે ટોચના 10 વૈશ્વિક સરહદ પારના મૂડી સ્થળોમાં મુખ્યત્વે સાતમા સ્થાને રહ્યું છે.

# EXCLUSIVE INTRERVIEW-MoS

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાએ દેશમાં ઉત્તમ કામગીરી દર્શાવવાના રાજકારણમાં અમલ બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શ્રેય આપ્યો છે. આકાશવાણી સમાચાર સાથેના પોડકાસ્ટમાં, શ્રી મલ્હોત્રાએ સામાજિક-આર્થિક અને વ્યૂહાત્મક મોરચે હિંમતવાન અને નિર્ણાયક પગલાં લેવા બદલ મોદી સરકારની પ્રશંસા કરી. તેમણે આ અંગે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશનું ઉદાહરણ રજૂ કર્યું હતું.

## (બાઇટ- હર્ષ મલ્હોત્રા)

શ્રી મલ્હોત્રા સાથેનો સંપૂર્ણ પોડકાસ્ટ આજે આકાશવાણીની યુટ્યુબ ચેનલ NEWSONAIROFFICIAL અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર થશે.

# INDIA ADDS $1 TRILLION IN MARKET CAP

ભારતની લિસ્ટેડ કંપનીઓએ ઓક્ટોબર 2024 અને ફેબ્રુઆરીથી પાંચ મહિનાનાં ઘટાડા બાદ માર્ચ 2025થી બજારમાં એક ટ્રિલિયન ડોલરનો ઉમેરો કર્યો છે. ટકાવારીની દ્રષ્ટિએ, માર્કેટ કેપમાં 21 ટકાનો વધારો થયો છે, જે વિશ્વના ટોચના 10 ઇક્વિટી બજારોમાં સૌથી વધુ વધારો છે.

ભારત હાલમાં અમેરિકા, ચીન, જાપાન અને હોંગકોંગ પછી વૈશ્વિક સ્તરે પાંચમું સૌથી મોટું શેરબજાર છે. આ સમયગાળા દરમિયાન ભારતના બેન્ચમાર્ક સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટીમાં અનુક્રમે 12.50 ટકા અને 13.50 ટકાનો વધારો થયો છે, જ્યારે બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં અનુક્રમે 20.7 ટકા અને 26 ટકાનો વધારો થયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# SHAH - INFRA REVOLUTION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, મોદી સરકારે ઇન્ફ્રાક્રાંતિના અગિયાર વર્ષમાં એક પછી એક ઇજનેરી અજાયબી રાષ્ટ્રને અર્પણ કરીને ભારતનું પુનઃનિર્માણ કર્યું.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે જણાવ્યું કે, નવી બાંધવામાં આવેલી અત્યાધુનિક માળખાગત પરિયોજનાઓએ લોકોને નજીક લાવ્યા છે. વેપાર અને વાણિજ્યનો વેગવંતો વિસ્તાર કરીને રાષ્ટ્રની એકતાને મજબૂત કરી છે.

# CURFEW IMPOSED IN DOWNTOWN LA

ટ્રમ્પ વહીવટીતંત્રના ઇમિગ્રેશન દરોડા બાદ સર્જાયેલી અશાંતિને પગલે કેલિફોર્નિયાના ડાઉનટાઉન લોસ એન્જલસના ઘણા વિસ્તારોમાં મંગળવારથી મર્યાદિત કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. મેયર કારેન બાસે આ જાહેરાત કરતાં જણાવ્યું કે, સંઘીય અમલીકરણની કાર્યવાહીને પગલે શહેરમાં હિંસા, આગચંપી અને લૂંટફાટ વધી છે. કર્ફ્યુ રાત્રે આઠ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધી લાગુ કરવામાં આવશે અને કેટલાક દિવસો સુધી ચાલુ રહી શકે છે.

જો કે, મેયરે સ્પષ્ટતા કરી કે, રહેવાસીઓ અને આ વિસ્તારમાં કામ કરતા લોકોને કરફ્યુમાંથી મુક્તિ આપવામાં આવશે. માસ્ક પહેરેલા લૂંટારાઓએ અનેક વ્યવસાયોને નિશાન બનાવ્યા છે. તેમણે અનેક સ્ટોરમાં મોટા પાયે તોડફોડ કરીને સામાન લૂંટ્યો છે. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે "શાંતિ અને જાહેર વ્યવસ્થા પર હુમલા" નો હવાલો પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી કરવા માટે ભાગ્યે જ ઉપયોગમાં લેવાતા સંઘીય કાયદા, વિદ્રોહ અધિનિયમને લાગુ કરવાની ધમકી આપી છે.

# SANJYA JHA - DELEGATION

પાંચ દેશોમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરનારા જેડી(યુ)ના સાંસદ સંજય ઝાએ જણાવ્યું કે, તેમની મુલાકાતનો હેતુ સફળ રહ્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રતિનિધિમંડળે તેમની વિવિધ બેઠકો દરમિયાન ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સામે ભારતના મજબૂત વલણને અસરકારક રીતે રજૂ કર્યું.

તેમણે કહ્યું, પ્રતિનિધિમંડળે ઇન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોરની મુલાકાત લીધી, નવી દિલ્હીમાં પત્રકાર સાથે વાત કરતા શ્રી ઝાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળોએ તેમના અનુભવો રજૂ કર્યા હતા અને મુલાકાત દરમિયાન મળેલા પ્રતિસાદનો અહેવાલ આપ્યો. શ્રી ઝાએ કહ્યું, પ્રધાનમંત્રીએ દરેક પ્રતિનિધિમંડળના કાર્યની પણ પ્રશંસા કરી હતી.

# QUALIFY FOR FIFA WORLD CUP 2026

બ્રાઝિલ અને ઇક્વાડોર ફિફા વર્લ્ડ કપ 2026 માટે ક્વોલિફાય થઈ ગયા છે, જ્યારે ઉરુગ્વે, પેરાગ્વે અને કોલંબિયા ક્વોલિફાય થવાના આરે છે. વિની જુનિયરે વિજયી ગોલ કરતા બ્રાઝિલે પેરાગ્વેને 1-0 થી હરાવી ફીફા વિશ્વ કપ 2026માં પ્રવેશની લાયકાત મેળવી હતી. હારવા છતાં વેનેઝુએલા પર છ પોઇન્ટની સરસાઇને કારણે પેરાગ્વે ક્વોલિફાય થવાની નજીક છે.

# PM ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 20મી તારીખે ઓડિશામાં ભાજપની પ્રથમ સરકારની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ભવ્ય જાહેર કાર્યક્રમમાં ભાગ લેવા ઓડિશાની મુલાકાત લેશે.

રાજધાની ભુવનેશ્વરના જનતા મેદાનમાં આ ભવ્ય ઉજવણી કરવામાં આવશે. તાજેતરમાં દિલ્હીની મુલાકાતે આવેલા ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ પ્રધાનમંત્રી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડ઼કરી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાને ઔપચારિક આમંત્રણ આપ્યું હતું.